ગુજરાત વૉટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમીટેડ
*(ગુજરાત સરકારનું સાહસ)*
GWIL
ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧, પ્રથમ માળ, સેકટર-૧૦, ગાંધીનગર - ૩૮૨ ૦૧૦.
ફોન : (079) 23239537 ✦ મોબાઈલ : 9978441147/48 ✦ ફેક્સ : (079) 23222396
e-mail : gwilcompany1@gmail.com

જી.ડબ્લ્યુ.આઈ.એલ./એબી/ઔધોગીક વપરાશ/ 751

તારીખ : ૩૧.૦૩.૨૦૧૭

પ્રતિ

સીનીયર મેનેજરશ્રી (તમામ)

GWIL

મેનેજરશ્રી (તમામ)

**વિષયઃ- ઔધોગિક વપરાશ માટે અપાતા પાણીના દરોમાં કરવાના થતા વધારા બાબત.**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે ગુજરાત સરકારનો ઠરાવ ક્રમાંકઃ વીડબ્યુએસ/૧૦/૨૦૧૨/૧૬૭/ખ-૪, સચિવાલય, ગાંધીનગરનો ૩/૨/૨૦૧૫ નો ઠરાવ ધ્યાને લેવા વિનંતી. જે જોતા ઔધોગિક વપરાશ માટે અપાતા પાણીના દરોમાં નીચે પ્રમાણે વધારો કરવાનો રહેશે.

વર્ષ-૨૦૧૪-૧૫ માં ૧૭.૭૧ + ૬.૦૦=૨૩.૭૧ (પ્રતિ ૧૦૦૦ લીટર)(અગાઉ સુચના આપેલ છે.)

વર્ષ-૨૦૧૫-૧૬ માં ૧૯.૪૮ + ૬.૦૦=૨૫.૪૮(પ્રતિ ૧૦૦૦ લીટર) (અગાઉ સુચના આપેલ છે.)

વર્ષ-૨૦૧૬-૧૭ માં ૨૧.૪૪ + ૬.૦૦=૨૭.૪૪(પ્રતિ ૧૦૦૦ લીટર)(અગાઉ સુચના આપેલ છે.)

વર્ષ-૨૦૧૭-૧૮ માં ૨૩.૫૮ + ૬.૦૦=૨૯.૫૮ (પ્રતિ ૧૦૦૦ લીટર)(અગાઉ સુચના આપેલ છે.)

આ સાથે સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડનો ઠરાવ ક્રમાંકઃ સસનનિલિ/૧૧૦૩/૧૫/ વોમાસેલ/ભાગ-૨ તા.૫/૫/૨૦૦૭ સામેલ છે. જે અનુસાર ઔધોગિક પાણીના વપરાશનો દર વર્ષ ૨૦૧૭-૧૮ માટે રૂ. ૨૯.૫૮/૧૦૦૦ લીટર ધ્યાને લેવાનો રહેશે અને તે પ્રમાણે ડીપોઝીટની રકમ વસુલાત કરવાની રહેશે.

(બી.એમ.ચાવડા)

ચીફ જનરલ મેનેજર (નાણા)

C:\Users\Administrator\Downloads\૬.૫.૨૦૧૬ ઔધોગીક વોટર રેટ (3).docx

જળસંપત્તિ વિભાગ અને સરદાર સરોવર નર્મદા નિગમ લિ. હસ્તકના ઓફટેકમાંથી પાણી ઉપાડવાના કરાર કરવા બાબત.

---

ક્રમાંક-પીએ-એમ.એસ./જ.સં.સસનનિલિ/કરાર ઓફટક/ ૩૧ / સને-૨૦૧૭
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
જલસેવા ભવન, એરફોર્સ કચેરીની સામે,
સેકટર-૧૦/એ, ગાંધીનગર
તા.૨૪/૦૩/૨૦૧૭

આમુખ-

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા જળસંપત્તિ વિભાગ હસ્તકના જળાશયો, નહેરો, નોટીફાઇડ નદીઓ, નાળાં, ચેકડેમ્સ વિગેરેમાંથી તથા સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ હસ્તકની નહેરોના નેટવર્કમાં જુદા જુદા ઓફટેકમાંથી પાણી મેળવી ગ્રામ્ય/શહેરી વિસ્તાર, નગરપાલિકા / મહાનગરપાલિકા, શૈક્ષણિક / ધાર્મિક સંસ્થા, રાજ્ય/કેન્દ્ર સરકારના સાહસો અને ઔદ્યોગિક એકમોને પાણી પૂરૂ પાડે છે.

બોર્ડ દ્વારા જળસંપત્તિ વિભાગ અને સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ હસ્તકના જુદા જુદા ઓફટેકમાંથી પાણી મેળવવાની દરખાસ્તમાં અલ્ટીમેટ ડિમાન્ડની મંજુરી માંગવામાં આવે છે, જે મંજુર થયે તેનો કરાર લગત વિભાગ સાથે ૫ વર્ષની મુદતનો અલ્ટીમેટ ડિમાન્ડ માટે કરવામાં આવે છે. ઘણા કિસ્સાઓમાં પાણી પુરવઠા બોર્ડ દ્વારા કરારનામુ કરવામાં આવતુ નથી, વોટરમીટર મુકવવામાં આવતુ નથી જ્યારે પાણીનો ઉપાડ વર્તમાન જરૂરિયાત મુજબ થતો હોય છે. આથી ઉકત બન્ને વિભાગો દ્વારા નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ઠરાવ ક્રમાંક-ડબલ્યુટીઆર/૨૦૦૫/૪૧/પી, તા. ૦૩-૦૨-૨૦૦૭ મુજબ, (ઠરાવની નકલ સામેલ છે) બિનખેતી વિષયક હેતુઓ માટે અપાતા પાણી અંગેની શરતો પ્રમાણે કરાર કરેલ પાણીના જથ્થા મુજબ બીલો બનાવીને બોર્ડની ક્ષેત્રિય કચેરીઓને મોકલવામાં આવે છે. જયારે બોર્ડ દ્વારા હાલની જરૂરીયાત મુજબનો જથ્થો ઉપાડવામાં આવે છે. આથી જથ્થામાં વિસંગતતા રહેવા પામે છે.

પરિપત્ર

ઉપરોકત બાબતે નવા કરાર પ્રવર્તમાન નિયમ અનુસાર ૫ (પાંચ) વર્ષની વ્યકિતદીઠ પાણીની જરૂરીયાત પ્રમાણેના જથ્થાની ગણતરી કરી કરાર કરવાના રહેશે. જેથી પાણીના ઉપાડ પ્રમાણેના માસવાર બીલો મળે અને જથ્થામાં તફાવત. પેનલ્ટી અને વ્યાજના પ્રશ્નો નિવારી શકાય. કરાર કરવાની કામગીરી તા. ૩૧-૦૩-૨૦૧૭ સુધીમા પૂર્ણ કરવાની રહેશે. વોટરમીટર માટે અગ્રતાના ધોરણે કાર્યવાહી હાથ ધરવાની રહેશે. જેથી વાસ્તવિક ઉપાડવામાં આવતા જથ્થા મુજબ બીલોની આકારણી થાય. દંડાત્મક આકારણી નિવારી શકાય.

ઉપરોક્ત બાબતને પૂરતી ગંભીરતાથી લેશો.

(તુષાર ધોળકિયા)

સભ્ય સચિવ

નકલ સવિનય રવાના પ્રતિ:

- માન. અગ્ર સચિવશ્રી (પા પુ) અને અધ્યક્ષશ્રી. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્ય. બોર્ડ, ગાંધીનગર
- વહીવટી સંચાલકશ્રી, GWIL, ડાં. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, WASMO, મુખ્ય કચેરી, ગાંધીનગર.

નકલ રવાના પ્રતિ:

- મુખ્ય ઇજનેરશ્રી. ઝોન-૧/૨/૩/૪/૫. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્ય. બોર્ડ, વડોદરા/અમદાવાદ/રાજકોટ/ભુજ (કચ્છ)/ જુનાગઢ
- મુખ્ય ઇજનેરશ્રી (ટેકનીકલ સેલ) બોર્ડ કચેરી, ગાંધીનગર
- પ્રોજેકટ ડાયરેકટરશ્રી, અર્બન સેલ, બોર્ડ કચેરી, ગાંધીનગર
- મુખ્ય ઇજનેરશ્રી (મોની-પ્લાનીંગ) બોર્ડ કચેરી, ગાંધીનગર
- અધિક્ષક ઇજનેરશ્રી (ટેકનીકલ) બોર્ડ કચેરી, ગાંધીનગર
- અધિક્ષક ઇજનેરશ્રી (મોની-પ્લાનીંગ) બોર્ડ કચેરી, ગાંધીનગર
- નાણાં નિયંત્રકશ્રી. બોર્ડ કચેરી, ગાંધીનગર
- અધિક્ષકઇજનેરશ્રી (તમામ)
- સીસ્ટમ મેનેજરશ્રી. કોમ્પ્યુટર સેલ, બોર્ડ કચેરી, ગાંધીનગર
- સીનીયર મેનેજરશ્રી (ના/હિ) બોર્ડ કચેરી, ગાંધીનગર.

Technical Cell
In. No. 605
Date: 3/2/3/19

30/3

22